**રેગ્યુ. દિવાની મુકદમા નં. ૦૫/૨૦૧૯.**

**<u>આંક–૫ તળે હુકમ</u>**

સદર કામે રેકર્ડ જોતા મુળ દાવો રે.દિ.મુ. ૦૫/૨૦૧૯, તા.૧૮/૦૨/૨૦૨૨ના રોજ વાદીના કસુરના કારણે કાઢી નાખવામાં આવેલ છે. ત્યારબાદ વાદી તર્ફે આ દાવો ફરી ફાઈલે લેવા અરજી આપતા મંજુર થયેલ છે. જેથી આ દાવો ફરી ફાઈલે લેવામાં આવેલ છે. અને દાવા પર આંક–૫ ની અરજી પેન્ડીંગ હોય તે સુનાવણી માટે રાખવામાં આવેલ છે. આજ રોજ સેકન્ડ સીટીંગ સુધી વાદી કે તેઓના વકિલશ્રી હાજર નથી. આ અરજી અરજન્ટ સ્વરૂપની અરજી હોય અને આ અરજીને છ વરસ થઈ ગયેલ છે. તેવા સંજોગોમાં રેકર્ડ ઉપર રજુ થયેલ દસ્તાવેજોના આધારે નિર્ણય કરવામાં આવે છે.

વાદીનો દાવો જોતા જામજોધપુર પરડવા ગામના સર્વે નં. ૧૩,૧૪,૧૫ અને ૧૬ના મુળ માલીક માજીબુ ડોસુભાઈ હોય અને વંશપરંપરાગત રીતે માલીકી દરજજે વાદીઓ તે જમીનના માલીક બનેલ હોવાનું અને પ્રતિવાદીઓએ આ જમીન સંદર્ભે ખોટો દસ્તાવેજ બનાવેલ હોવાનું વાદીનું કથન છે. પરંતુ વાદી તરફે રજુ કરેલ લીસ્ટના દસ્તાવેજો પૈકી કોઈ પણ દસ્તાવેજોમાં માજીબુ ડોસુભાઈ આ જમીનની માલીકી હોય તેવુ જણાનુ નથી. ઉલટાનું સર્વે નં. ૧૩ સરકારી પડતર હોવાનું જણાય છે. તેવા સંજોગોમાં વાદીના દસ્તાવેજો જેમના તેમ માની લઈએ તો પણ વાદીનું કથન છે કે આ જમીનના મુળ માલીક માજીબુ ડોસુભાઈ હતા તે કથનને સમર્થન કરતો એક પણ દસ્તાવેજો રજુ થયેલ નથી. જેથી વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી જેથી બીજી કોઈ વિચારણા કરવાની રહેતી ન હોય અરજી નામંજુર કરૂ છું.

ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરસે.

હુકમ આજ તા. ૧૩, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

(એ. એ. વાયડા)
**પ્રિન્સિપાલ સીનીયર સીવીલ જજ**
**લાલપુર**
કોડ નં. જીજે ૦૦૯૮૬

તા. ૧૦–૦૨–૨૦૨૬.
લાલપુર.